બનાસકાંઠામાં તસ્કરોનો રાત્રીરાસ ડીસામાં ૧૮ દુકાનોમાં ઘરફોડ ચોરી

છાપીમાંથી આખું એટીએમ ચોરાયું : થરાદમાં એક જ રાતમાં ચાર ધાર્મિક સ્થળોમાં ચોરી થતાં ઉહાપોહ

ડીસા, તા. ૫

ડીસામાં ઈલેકટ્રોનીકસ આઈટમો અને છાપીમાં એટીએમ તથા થરાદમાં સોના ચાંદીના દાગીના અને રોકડની ઉઠાંતરી કરતા પાલીસતંત્ર હરકતમાં આવી ગયું છે. ડીસા શહેરના હાર્દસમા જલારામ મંદિર સામે આવેલા વિમલ પારસ શોપીંગ સેન્ટરના પહેલા અને બીજા માળની અઢાર દુકાનોના તાળા તોડી અંદાજે છ થી આઠ લાખના મુદામાલની ચોરી થઈ છે.આ ચોરીને અંજામ આપનારા ત્રણ અજાણ્યા શખ્સો દુકાનોના સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયા છે.ત્યારે ડીસા ઉત્તર પોલીસે સીસીટીવી કેમેરાના ફુટેજના આધારે તસ્કરોને ઝડપી લેવા તપાસના ચક્રો ગતીમાન કર્યા છે. બીજી ઘટનામાં વડગામ તાલુકાના છાપી ખાતે હાઈવે પર આવેલા એવન્યુ કોમ્પલેક્ષમાંથી બેંક ઓફ ઈન્ડીયાના એટીએમ મશીનની પણ તસ્કરો ઉઠાંતરી કરી જતાં ખળભળાટ મચી ગયો છે. સતત વાહનોથી ધમધમતા હાઈવેને અડીને આવેલા કોમ્પલેક્ષના જ એટીએમને નિશાન બનાવી એટીએમમાં ઘુસી જઇ તેમાં લાગેલા સીસીટીવી કેમેરા પર બ્લેક સ્પ્રે મારી આખે આખું એટીએમ ગાડીમાં ઉઠાવી ગયા હતા. આ બનાસકાંઠાના પોલીસ અધિક્ષકે પોલીસ કાફલા સાથે છાપી દોડી જઇ ડોગ સ્કવોર્ડ ટીમ બોલાવી તપાસનો ધમધમાટ શરૂ કરાવ્યો હતો. ત્રીજી ઘટનામાં થરાદના મંદિરોને નિશાન બનાવતા ધર્મપ્રેમી જનતાની આસ્થાને ભારે ઠેસ પહોંચી છે. થરાદના ગાયત્રી મંદિર, શનિદેવ મંદિર, હનુમાન મંદિર અને શૈણલ માતાના મંદિરમાં ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. જોકે શનિદેવ મંદિરમાં ઘુસેલા ચોરને પુજારીએ ફટકારતા મંદિરમાં લગાવાયેલા સીસીટીવીમાં આ ચોર કેદ થઇ ગયો છે. આમ એક જ રાતમાં તસ્કરોના આંતકને પગલે જીલ્લા પોલીસવડા સહિત, ડીસા, થરાદ, અને પાલનપુરનું પોલીસતંત્ર હરકતમાં આવી ગયું છે. ચોરીઓને અંજામ આપી લાખોનો મુદામાલ અને એટીએમ ઉપાડી ગયેલા તસ્કરોને ઝડપી પાડવા પોલીસ તંત્ર દોડતું થઈ ગયું છે.

જનાલીટાંડા પ્રાથમિક શાળા કલા મહાકુંભમાં તબલા વાદકમાં પ્રથમ ક્રમે

ભિલોડા,તા.૪

ભિલોડા તાલુકાના જનાલીટાંડા ગામની જનાલીટાંડા પ્રાથમીક શાળા કલા મહાકુંભમાં તબલા વાદકમાં પ્રથમ ક્રમે ઝળકી હતી.જનાલીટાંડા પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓએ જનાલીટાંડા ગામનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી હતી.ખેલ મહાકુંભ-૨૦૧૮ તાલુકાની તબલા વાદક સ્પર્ધામાં અમિતકુમાર બળવંતભાઈ વણઝારા પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરાયા હતા.જનાલીટાંડા પ્રાથમીક શાળા ઉ.શિ. પી.આર. દેસાઈ, એ.એસ. પટેલએ તબલા વાદન સ્પર્ધામાં માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કનુભાઈ વણકર, સ્ટાફ પરીવારના સહયોગથી વિદ્યાર્થીએ પ્રથમ નંબર પ્રાપ્ત કરતાં આચાર્ય મૌલીકકુમાર પટેલે વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

ભિલોડામાં ઔષધિઓના છોડનું નિ:શુલ્ક વિતરણ

ભિલોડા,તા.૫

ભિલોડામાં ઔષધીઓના છોડનું નિ:શુલ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પરમ પુજય બાળકૃષ્ણજીના જન્મદિનની જડીબુટ્ટી દિન તરીકે ઉજવણી સંદર્ભે ભિલોડા પતંજલી યોગ સમિતી ધ્વારા ઔષધીઓના છોડનું વિતરણ કરાયું હતું. અરવલ્લી જીલ્લા પ્રભારી પતંજલી મહિલા યોગ સમિતી ઉર્વશીબેન બરંડા, હસમુખભાઈ બરંડા, રામઅવતાર શર્મા, પંકજભાઈ શર્મા, ભિલોડા પતંજલી મહિલા યોગ સમિતીની મહિલા કાર્યકરો ધ્વારા તુલસી, લીમડો, દમવેલ, અરડુસી, આમળા, પર્ણફુટી, નાગદન સહિત વિવિધ પ્રકારના ઔષધીઓના છોડનું વિતરણ કરાયું હતું.

ભિલોડા એન.આર.એ.વિદ્યાલયની વિદ્યાર્થિની તાલુકા કક્ષાએ પ્રથમ

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયની વિદ્યાર્થીની મહિલા સશક્તિકરણ વકતૃત્વ સ્પર્ધામાં ભિલોડા તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાને ઝળકી હતી. મહિલા સશક્તિકરણ વકતૃત્વ સ્પર્ધામાં એન.આર.એ. વિદ્યાલયની વિદ્યાર્થીની પલ પંચાલએ પ્રથમ સ્થાન મેળવી ગૌરવ વધાર્યું હતું. પલ પંચાલએ જીલ્લા કક્ષાએ તૃતીય સ્થાન મેળવી એન.આર.એ. વિદ્યાલયનું ગૌરવ વધારતાં આચાર્ય વિક્રમસિંહ ચૌહાણ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમની ઉજવણી

ભિલોડા,તા.૫

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત સ્વ.શાન્તાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં એન.એસ.એસ. અંતર્ગત બેટી બચાવો,બેટી પઢાવો કાર્યક્રમની ઉજવણીની ઉજવણી યોજાઈ હતી.

બામણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રિ.ડૉ.કલ્પનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અંતર્ગત બેટી બચાવો,બેટી પઢાવો કાર્યક્રમ ઉજવાયો હતો. બામણા કોલેજથી બામણા ગામ સુધી રેલી નીકળી હતી.એન.એસ.એસ. સ્વયંસેવકો ધ્વારા શિક્ષીત મહિલા, સુરક્ષીત સમાજ, રોટી, કપડાં ઔર મકાન, શિક્ષા સે બનેગા દેશ મહાન, પઢેગે ઔર પઢાએંગે, અપના દેશ ઉન્નત બનાયેંગે જેવા સુત્રોચ્ચારના બેનરો સાથે રેલી કાઢવામાં આવી હતી. બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ, સ્ટાફ પરીવાર ઉત્સાહભેર જોડાયો હતો.

ભિલોડા શ્રી રામ કુમાર છાત્રાલયમાં સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે શ્રી રામ કુમાર છાત્રાલય સભાખંડમાં નગર યાત્રા નિમિત્તે સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરીષદ ધ્વારા વનવાસી સમાજના સર્વાંગી ઉન્નતિ માટે ૧૯૭૯ થી કાર્ય કરતી સેવાકીય સંસ્થા છે. વિપરીત પરીસ્થિતી અને સમસ્યાગ્રસ્ત વિસ્તારમાં કાર્યકર્તાઓ સેવાકીય કાર્યો કરી રહ્યા છે. ભિલોડા,વિજયનગર, મેઘરજ તાલુકાના વિવિધ ગ્રામિણ વિસ્તારોના કાર્યકર્તાઓ રાત્રી નિવાસમાં જોડાયા હતા. ભારત દેશનું સુપ્રસિધ્ધ યાત્રાધામ ઋષીકેશ થી ગંગાજળની ૧૧૧ બોટલો મંગાવી દરેક કાર્યકર્તાઓને ગંગાજળની ભેટ આપવામાં આવી હતી.

હવે, ગાંધીનગરના મોહિની ગ્રૂપે અંબાજી ભોજનશાળાની જવાબદારી સંભાળી

અંબાજી, તા. ૫

વિશ્વના તમામ ભક્તો માટે આસ્થાનું મુળ અને પ્રાચીન સ્થાનક એટલે માં અંબાનું આ પ્રાચીન ધામ એટલે અરાવલી પહાડોમા વસેલુ સ્વર્ગ શક્તિપીઠ અંબાજી. જ્યાં માં અંબા સાક્ષાત વસવાટ કરે છે. આ ધામમાં આવતા જ તમામ દુ:ખ અને તકલીફો દૂર થઇ જાય છે અને બ્રહ્માંડના તમામ દેવી દેવતાઓના દર્શન આ શક્તિપીઠ અંબાજીના ૫૧ શક્તિપીઠમાં થાય છે. આ ધામ પાસેથી જ સરસ્વતી નદી નીકળી આગળ નીકળે છે અહીં કોટેશ્વર મહાદેવ પણ આ ધામમાં આવેલું હોઈ અહીં આવતા માતાજીના ભક્તોને શિવ અને શક્તિના દર્શન એક સાથે જ થાય છે. અંબાજી મંદિર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ સંસ્થા હેઠળ માતાજીના ભક્તોને માત્ર ૧૬ રૂપિયામાં સસ્તુ અને સાત્વિક ભોજન માતાજીની ભોજનશાળામા આપવામાં આવે છે. ઓગસ્ટ મહિનાથી આ ભોજનશાળાનું સંચાલન મોહની ગ્રુપ સતાધાર સમુહ તરફથી કરવામાં આવ્યુ છે. આ સંસ્થા તરફથી અહીં માતાજીનો પ્રસાદ લેતા માઈ ભક્તોને આખો દિવસ ગરમ અને તાજુ ભોજન આપવામા આવે છે અને આ પ્રસાદથી ભક્તોમાં ખુશી અને આનંદ જોવા મળી રહ્યો છે.

સોમનાથ, બહુચરાજી બાદ હવે અંબાજી શક્તિપીઠમાં અંબાજી મંદિરની ભોજન શાળામાં ઓગસ્ટ મહિનાથી માઈ ભક્તો માટે ભોજન બનાવવાથી લઈને પીરસવાના કામ સુધીનું સંચાલન મોહની ગ્રુપને સોંપવામાં આવ્યુ છે.

આ સંસ્થાના કામની તારીફ પણ માઈ ભક્તો હાલથી જ કરી રહ્યા છે અને અહીં આવતા તમામ માઈ ભક્તોને માત્ર ૧૬ રૂપિયામાં ગરમાગરમ ભોજન અનલિમિટેડ પીરસવામાં આવે છે. આટલી નજીવી કિંમતમા નાસ્તો પણ નથી આવતો ત્યાં અંબાજી મંદિરની ભોજનશાળામાં આવતા તમામ માઈ ભક્તો માટે તાજુ અને ગરમ ભોજન પીરસવાનું કામ શ્રી આરાસુરી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મોહની ગ્રુપને ૧ વર્ષ માટે આપવામાં આવ્યુ છે અને આગળ પણ કામગીરી પ્રમાણે એક્ષટેન્શન કરવાની બાહેંધરી પણ ટ્રસ્ટ તરફથી આપવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે માતાજીના મોહનથાળનો પ્રસાદ બનાવવાનું કામ પણ મોહની ગ્રુપને આપવામાં આવ્યું છે અને અહીં કામ કરતા તમામ કર્મચારીગણને પૂરો પગાર પણ આ સંસ્થા દ્વારા આપવામાં આવશે.

મોડાસામાં પાણીપુરીની લારીઓ પર નગરપાલિકા અને ફૂડ એન્ડ ડ્રગના દરોડા પર તંત્રનો પડદો

દરોડાની કાર્યવાહી દરમિયાન મીડિયાને દૂર રાખવાના પ્રયાસથી શંકા કુશંકાઓ

મોડાસા, તા. ૫

ચટાકેદાર પાણીપુરીમાં સડેલા અને ફૂગવાળાં બટાકાનો ઉપયોગ કરવામાં આવતો હોવાનું જગજાહેર છે. તેવી જ રીતે પાણીપુરીમાં વપરાતુ પાણી પણ દુષિત અને ભેળસેળ વાળું હોય છે. જેના કારણે અનેક પ્રકારના રોગ થતાં હોય છે. તેમાં પણ ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય રોગ અનેક લોકોને ભરડામાં લેતા હોય છે. ત્યારે સ્વાસ્થ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ તંત્ર અને નાગરપાલિકાતંત્ર દ્વારા સંયુક્ત દરોડા સમગ્ર ગુજરાતમાં પાડવામાં આવ્યા હતા અને પાણીપુરીની લારીઓ અને સ્ટોલ ધારકો પાસેથી અખાદ્ય જથ્થો ઝડપી નાશ કરવામાં આવ્યો હતો અને દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. મોડે મોડે મોડાસા શહેરમાં પણ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ અને નગરપાલિકાના સેનેટરી વિભાગ દ્વારા પાણીપુરીની લારીઓ અને સ્ટોલ ધારકો પર છુપી રીતે દરોડા પાડવામાં આવતા બંને વિભાગની કામગીરી અંગે શંકા પેદા થઈ હતી. મોડાસામાં નગરપાલિકા તંત્ર અને ફૂડ એન્ડ ડ્રગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કુલડીમાં ગોળ ભાંગવામાં આવ્યો હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરમાં નગરપાલિકાના સેનેટરી વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ હિંમતનગર દ્વારા મોડાસાના પાણીપુરીની લારીઓ અને સ્ટોલ ધારકો પર ખાનગી દરોડા પાડવામાં આવ્યા હતા. અંદાજે ૨૭ પાણીપુરીની લારી અને સ્ટોલધારકો પર ત્રાટકી મોટી માત્રામાં અખાદ્ય માવો, સડેલા બટાકા, ચણા કેમિકલ યુક્ત ચટણી જપ્ત કરી નાશ કરવામાં આવ્યો હતો. સમગ્ર દરોડા બાબતે લોકોમાં તરહ તરેહની ચર્ચાઓએ જોર પકડાતા પાણીપુરીના વેપારીઓ સામે કાર્યવાહી કરવાની વાત છુપાવવા છતાં પત્રકારો સમક્ષ પહોંચતા ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારી અને મોડાસા નગરપાલિકા સેનેટરી તંત્ર એક બીજાને ખો આપી રહ્યું હોય તેવું ટેલિફોનિક વાતમાં જણાઈ આવ્યું હતું. મોડાસા શહેરમાં ફૂડ એન્ડ ડ્રગની રહેમનજર હેઠળ અને નગરપાલિકા અને આરોગ્ય વિભાગની નિષ્ક્રિયતા વચ્ચે લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરી નાસ્તા અને હોટેલવાળા અને મીઠાઈના વેપારીઓ બેફામ બન્યા છે. સાબરકાંઠા-અરવલ્લી ફૂડ એન્ડ ડ્રગ્સ કચેરી હિંમતનગર અને મોડાસા નગરપાલિકા સેનેટરી વિભાગ વચ્ચે તાલમેલનો અભાવ હોવાનું બહાર આવ્યું હતું.



પાણીપુરી લારી અને સ્ટોલ ધારકો પર પડેલા દરોડા અંગે મોડાસા નગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર સુનિલ રાજપુરોહિત સાથે ટેલિફોનિક પૂછપરછ કરતા ફૂડ એન્ડ ડ્રગ કચેરી હિંમતનગરથી રેડ કરવા અંગે ફોન આવ્યો હતો પણ અગત્યની મિટિંગ હોવાથી સંયુક્ત દરોડાની કામગીરી થઈ શકી ન હતી ફક્ત બસ સ્ટેન્ડ પાછળ થોડી વાર સાથે કામગીરી કરી હોવાનું જણાવ્યું હતું.

પ્રાંતિજ જનસેવામાં કોન્ટ્રાકટરની મનમાની

૧૧ મહિનાના કરાર ઉપર રાખેલ માણસો ઉપર જોર હુકુમી : ૯૦૦૦ની પગારની જગ્યાએ માત્ર ૭૦૦૦ પગાર આપવામાં આવે છે

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જનસેવામાં કોમ્પ્યુટર ઓપરેટરોનું કામ કરતા ૧૧ મહિનાના કરાર કર્મચારીઓને કોન્ટ્રાકટરના માણસો આવી ચાલુ કામગીરીએ બહાર તગડી મુકતા હોબાળો થયો તો જન સેવામાં આવેલ લોકોના કામ અટકી પડયા હતા.

પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવેલ જનસેવા વિભાગમાં ૧૧ મહિનાના કરાર આધારે ઈ.સેવામાં સેવા આપતાં કોમ્પ્યુટર ઓપરેટરોને કોન્ટ્રાક્ટરના માણસો દ્વારા જનસેવા કેન્દ્રમાં આવી નોકરી છોડી જતા રહેવાનું કહ્યું તો બાકીનો પગાર પણ નહી મળે ત્યાં સુધી નહી જઈએ તેવી બોલાચાલી બાદ મામલો બિચકાયો હતો. કોમ્પ્યુટર ઓપરેટરોનું કહેવું છે કે અમોને પાંચથી ચાર મહિનાનો પગાર બાકી છે. પહેલા પગાર આપો અને પગાર સ્લીપ ઉપર ૯૦૦૦ પગાર અપાય છે અને ઓપરેટરોને ૭૦૦૦ પગાર ચુકવાય છે જેવી ફરીયાદને લઈને હોબાળો થયો હતો. જનસેવાનુ કામ ઠબ થતા જન સેવામાં આવતાં લોકોને ભારે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો હતો. આખો મામલો મામલતદાર પાસે પહોચ્યો હતો. મામલતદાર આર.કે. પટણી દ્વારા દખલગીરી કરતાં આખરે રીસેષ બાદ જનસેવાનુ કામ કાજ ચાલુ થયું હતું.

મેઘરજના આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરની આર્ટસ અને કોલેજ ખાતે શુકવારના રોજ અરવલ્લી જીલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં લોકસંપર્ક અને ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તંત્રને મળેલ ૮૯ રજુઆતો પૈકી ફક્ત ૫૪ રજુઆતોને કાર્યક્રમમાં લેતા અન્ય ઉપ જેટલા અરજદારોમાં ભારે રોષ ફેલાયો હતો અને રજુઆતો ધ્યાનમાં ન લેતા અન્ય અરજદારોએ સ્ટેજ ઉપર જઈ રૂબરૂ લેખિત અરજીઓ આપી હતી અને થોડી ક્ષણો માટે કાર્યક્રમ શરૂ થતા પહેલાં ગ્રામીણોના મોટા ભાગના પ્રશ્નો તંત્રએ બુકલેટમાં ન લેતાં હોબાળો મચ્યો હતો. જેમાં ૫૪ જેટલા રસ્તા, મકાન, દબાણ, સરકારી સહાય, બસ સુવિધા તેમજ પાણી અને વનવિભાગના તેમજ વહીવટી રજુઆતો અને પ્રશ્નોનુ સ્થળ ઉપર નિરાકરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં મેઘરજના રમાડ ગામે શ્રમદાનથી બનેલ ચેકડેમ બાબતેની પણ એક અરજદાર ધ્વારા રજુઆત કરવામાં આવી હતી જેના જવાબમાં અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજને સિંચાઈ વિભાગને અઠવાડીયામાં આ નદી પરના અન્ય નવા ચેકડેમો બનાવવા પ્લાન સાથેનો રીપોર્ટ અઠવાડીયામાં રજુ કરવા જણાવ્યુ હતુ જે મહત્વનો પ્રશ્ન રહ્યો હતો. કાર્યક્રમ બાદ મંત્રી તેમજ અધિકારીઓ અને કાર્યકરો ધ્વારા કોલેજ કેમ્પસમાં આશરે સાડા ત્રણસો જેટલા વૃક્ષોનુ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ તેમજ સંસદ સભ્ય અમિત શાહની ગ્રાન્ટમાંથી મેઘરજ ગામ પંચાયતને આપવામાં આવેલ નવીન શબવાહિનીનુ પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

ધાનેરા તાલુકા પંચાયતનું સરકારી કર્વાટર્સ કે પછી ભાડુઆતો માટેનું લોકલ કવાટર્સ

સરકાર શ્રી સરકારી કર્મચારીઓ બહારનાં ધાનેરા ખાતે નોકરીની ફરજ બજાવતા હોય છે ત્યારે તેને અપ-ડાઉન ના કરવું પડે અને સમય સર નોકરીની ફરજ પર હાજર થાય તે માટે સરકારી કવાટર્સની વ્યવસ્થા કરવામાં આવે છે પરંતુ ધાનેરા તાલુકા પંચાયતનું કવાટર્સ જે તે કર્મચારી

પોતાનાં નામનાં કવાટર્સ ભાડે આપી રહ્યા છે તેવું લોકમુખે ચર્ચાઇ રહ્યું છે જો કવાટર્સ પંચાયતનાં કર્મચારીને જરૂર ના હોય તો બીજી કોઈ સરકારી ઓફિસના કર્મચારી કવાટર્સથી વંચિત હોય તો તેને લાભ મળવો જરૂરી છે અમુક કર્મચારીઓને ધાનેરા ખાતે પોતાનું મકાન છે જેથી પોતાનાં મકાનમાં રહે છે. ગરીબો માટે ઘર નથી ત્યારે આવાં મોટાં પગાર વાળા કર્મચારીઓને સરકાર સગવડતાં આપે છે ત્યારે તેનો દુર ઉપયોગ કરીને સરકારે તેમને રહેવા માટે ફાળવેલ મકાન બીજાને રહેવા માટે આપી રયા છે તેવું લોક મુખે ચર્ચાઇ રહ્યું છે તો આ બાબતે ડી.ડી.ઓ સાહેબ શ્રી તપાસ કરી યોગ્ય પગલાં ભરશે.

ધાનેરા પોલીસે દારૂ સહીત ૧૬.૫૦ લાખના મુદ્દામાલ સાથે બુટલેગરની અટકાયત

ધાનેરા પોલીસે ધાનેરા તાલુકાના થાવર ગામ નજીકથી દારૂ ભરેલી ટ્રક સાથે એક બુટલેગરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાનમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવામાં અનેક પ્રયત્ન ચાલી રહ્યા છે ત્યારે પોલીસ પણ દારૂ પકડવામાં પાછી પાની નથી કરતી ત્યારે ધાનેરા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર આર કે પાઠકને ખાનગી રહે બાતમી મળેલી કે રાજસ્થાનથી દારૂ ભરીને ટ્રક ધાનેરા તારક આવી રહી છે ત્યારે ધાનેરા પીઆઈ એ ધાનેરા તાલુકા ના થાવર ગામ નજીક નાકાબંધી હતી અને બાતમી વળી ટ્રક સામેથી આવતા તેને રોકવી હતી અને તેની તલાશી લેતા તેમાં એક ગુપ્ત ખાણું બનાવેલું હતું તેમાં વિદેશી દારૂની પેટીઓ ભરેલી હતી ધાનેરા પોલીસે ૬.૫૦ હજારનો દારૂ અને ૧૦ લાખની ગાડી કુલ મળી ૧૬ લાખ કરતા પણ વધુના મુદ્દમાલ સાથે એક બુટલેગરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.